સમય સંદેશ

જાહેરાત, પ્રેસનોટ, ટચૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર.
મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત..
અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..
**આશાપુરા ન્યૂઝ એજન્સી**
કે.પી. જાડેજા
હવાઈચોક, જામનગર
મો.૯૩૨૮૧૦૪૧૮૨

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ


સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૮ ● અંકઃ ૩૫૫ ● તારીખઃ ૦૧.૧૧.૨૦૨૩, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


**આજનો સુવિચાર**

ગમે તેટલી સંપત્તિ હોય તો પણ પોતાના માતા-પિતા, મહાત્મા અને પરમાત્માની સેવા ક્યારેય સેવકો દ્વારા ન કરાવવી જાતે જ કરવી!



જામનગરમાં ટ્રાફિક સલામતી જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો

વાંચો પાના નં. 02



દ્વારકામાં ૨૧૫૧ ફૂટ રાષ્ટ્રધ્વજ સાથે ફ્લેગ માર્ચ બન્યું આકર્ષણનું કેન્દ્ર

વાંચો પાના નં. 03



આશ્ચર્ય સાથે જામનગરમાં ઢોર પકડ ઝૂંબેશ શરૂ કરાઈ

વાંચો પાના નં. 04

# તુષ્ટીકરણની સોચ આતંકીઓને બચાવવા માટે કોર્ટ સુધી પહોંચે છેઃ નરેન્દ્ર મોદી

## વડાપ્રધાને કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી જઇ સરદાર પટેલને શત શત નમન કર્યા એકતાનગર ખાતે લોકોને રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવડાવ્યા

વડા પ્રધાન મોદીએ મંગળવારે સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવા અને રાષ્ટ્રીય એકતા દિવસની પરેડ નિહાળવા ગુજરાતના કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. આ પરેડમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને રાજય પોલીસની વિવિધ ટુકડીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સંબોધતા પીએમએ કહ્યું કે, તુષ્ટિકરણની રાજનીતિ દેશના વિકાસમાં અવરોધરૂપ છે. તુષ્ટિકરણ કરનારા લોકો માનવતાના દુશ્મનો સાથે ઉભા રહેતા અચકાતા નથી. તુષ્ટિકરણની માનસિકતા એટલી ખતરનાક છે કે તેઓ આતંકવાદીઓને બચાવવા કોર્ટમાં પહોંચે છે.

કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીને બન્યાને આજે પાંચ વર્ષ થઈ ગયા છે. પીએમ મોદીએ ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ સરદાર પટેલને સમર્પિત સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદ્દઘાટન કર્યું હતું. આ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે, જેની ઊંચાઈ ૧૮૨ મીટર છે. બાદમાં પીએમએ સભાને સંબોધિત કરી અને રૂ. ૧૬૦ કરોડના વિકાસ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું. ૧૮૭૫માં ગુજરાતમાં જન્મેલા સરદાર વલ્લભભાઈ પટેલ વકીલ હતા. તેઓ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન કોંગ્રેસના અગ્રણી નેતા અને મહાત્મા ગાંધીના સહયોગી તરીકે ઉભરી આવ્યા હતા. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી બન્યા. સેંકડો રજવાડાઓને સરકારમાં ભેળવી દેવાનો શ્રેય તેમને જાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું, દુનિયા ભારતની પ્રશંસા કરી રહી છે. વિશ્વની સૌથી મોટી લોકશાહીને નવી ઊંચાઈએ લઈ જવા બદલ અમને ગર્વ છે. અમને ગર્વ છે કે વિશ્વ જયારે યુદ્ધ અને અન્ય સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે પણ અમારી સરહદો સુરક્ષિત છે. અમને ગર્વ છે કે અમે ટૂંક સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનવા જઈ રહ્યા છીએ. પીએમએ કહ્યું કે અમૃતકાળ દરમિયાન ભારતે ગુલામીની માનસિકતા

અનુ પાના નં.૨ પર



# ફોન ટેપિંગનું ભૂત ફરી ધુણ્યું

## ફોન - ઈમેલ હેકિંગને લઈને વિપક્ષે સરકાર ઉપર ગંભીર આરોપ લગાવ્યાઃ વિપક્ષી નેતાઓના ફોનનું હેકિંગ થતું હોવાનો - જાસુસી થતી હોવાનો આરોપ

એપલ ફોન સૌથી સુરક્ષિત માનવામાં આવે છે. કહેવાય છે કે એપલના ફોન હેક થઈ શકતા નથી. પરંતુ, આ દરમિયાન, એક ચોંકાવનારો ઘટસ્ફોટ પ્રકાશમાં આવ્યો છે અને ઘણા વિપક્ષી નેતાઓએ તેમના એપલ ફોન હેક કર્યા હોવાનો દાવો કર્યો છે. વિપક્ષી નેતાઓએ દાવો કર્યો છે કે તેમના આઈફોન પર એક ચેતવણી સંદેશ આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તેમના ફોનને રાજય પ્રાયોજિત હુમલાખોરો દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યા છે. એલર્ટમાં કહેવામાં આવ્યું છે કે હેકર્સ તેમના ફોનમાંથી માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ મેસેજ મુજબ ચેતવણીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે તેમના ફોનનો ડેટા, કેમેરા, માઈક્રોફોન રિમોટથી કંટ્રોલ કરી શકાય છે. TMC સાંસદ મહુઆ મોઈત્રા સહિત ભારત ગઠબંધનના ઘણા નેતાઓએ આરોપ લગાવ્યો કે તેમના ફોનને હેક કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મહુઆ મોઈત્રા ઉપરાંત જે નેતાઓએ ફોન હેકિંગનો આરોપ લગાવ્યો છે તેમાં કોંગ્રેસના સાંસદ શશિ થરૂર, શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદી, કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડા અને ઘણા વિપક્ષી નેતાઓનો સમાવેશ થાય છે. એપલ તરફથી મળેલા એલર્ટના આધારે આ નેતાઓએ દાવો કર્યો હતો કે સરકાર તેમના ફોન અને ઈમેલ હેક કરવાનો પ્રયાસ કરી રહી છે. જોકે, સરકારી સૂત્રોનું કહેવું છે કે એપલના અલ્ગોરિધમ બગડવાના કારણે આ એલર્ટ આવ્યા છે. સરકાર ટૂંક સમયમાં આ અંગે પોતાનું નિવેદન જાહેર કરશે.

# સિંગુર જમીન વિવાદઃ પશ્ચિમ બંગાળ સરકારે ટાટા મોટર્સને રૂપિયા ૭૬૬ કરોડ ચૂકવવા પડશે

## ટાટા મોટર્સની જીત, સિંગુર જમીન વિવાદ કેસમાં પશ્ચિમ બંગાળે ચૂકવવા પડશે ૭૬૬ કરોડ

દેશની અગ્રણી ઓટોમોબાઈલ ઉત્પાદક કંપની, ટાટા મોટર્સે આજે સોમવારે જણાવ્યું હતું કે, તેના પશ્ચિમ બંગાળના સિંગુર પ્લાન્ટમાં થયેલા આર્થિક નુકસાનને ભરપાઈ કરવા માટે કંપનીને રૂ. ૭૬૬ કરોડનું વળતર મળશે. આર્બિટ્રેશન ટ્રિબ્યુનલે સોમવારે પશ્ચિમ બંગાળ ઔદ્યોગિક વિકાસ નિગમને આ વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. પશ્ચિમ બંગાળના સિંગુરમાં સર્જાયેલા જમીન વિવાદને કારણે, ટાટા મોટર્સને ઓક્ટોબર ૨૦૦૮માં પશ્ચિમ બંગાળના સિંગુરથી ગુજરાતના સાણંદમાં તેનો મહત્વાકાંક્ષી કારનો પ્લાન્ટ ખસેડવો પડ્યો હતો. તે સમયે ટાટા મોટર્સે સિંગુરમાં રૂ. ૧,૦૦૦ કરોડથી વધુનું મૂડીરોકાણ કર્યું હતું. સિંગુરમાં સ્થપાનારા પ્લાન્ટમાં ટાટાની સૌથી નાની કાર નેનોનું ઉત્પાદન કરવાનું હતું.

ટાટા મોટર્સે, સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, ત્રણ સભ્યોની આર્બિટ્રેશન ટ્રિબ્યુનલે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો છે. આ મુજબ, કંપની પ્રતિવાદી પશ્ચિમ બંગાળ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન

અનુ પાના નં.૨ પર

# મરાઠા આંદોલનની આગમાં ભડક્યું મહારાષ્ટ્ર

## બે જિલ્લામાં કર્ફ્યૂ, ઈન્ટરનેટ બંધ, ધારાસભ્યોના ઘરમાં આગચંપી

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માંગને લઈને શરૂ થયેલું આંદોલન ઉગ્ર અને હિંસક બની રહ્યું છે. રાજ્યના મરાઠવાડા ક્ષેત્રના ૮ જિલ્લાઓમાં આ આંદોલન ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. તેમજ આ સિવાય પુણે અને અહમદનગરમાં પણ આંદોલનના જોરદાર ભણકારા છે. અનેક વિસ્તારોમાં આગચંપીના ગંભીર બનાવો બન્યા છે. બીડ અને માજલગાંવ બાદ મંગળવારે જાલનાની પંચાયત ઓફિસમાં આગ લગાવવાની ઘટના સામે આવી છે. અત્રે જણાવીએ કે, આ પહેલા સોમવારે મોડી રાત્રે ઉમરગા શહેર નજીક તુરોરી



ગામમાં પણ આગચંપી થઈ હતી. પ્રદર્શનકારીઓએ તુરોરીમાં કર્ણાટક ડેપોની બસને પણ આગ ચાંપી દીધી હતી.

રાજ્ય સરકારના પૂર્વ મંત્રી જયદત્તજી ક્ષીરસાગરની ઓફિસમાં આગ લગાવવાની ઘટના સામે આવી છે. આ પહેલા ધારાસભ્ય સંદીપ ક્ષીરસાગરના ઘરે મરાઠા આંદોલનકારીઓએ ધૂસી જઈ પાંચથી છ ગાડીઓમાં આગ લગાવી દીધી હતી. તે પહેલા પ્રદર્શનકારીઓની ભીડએ જિલ્લાના માજગામમાં અજિત પવાર જૂથના એનસીપી

અનુ પાના નં.૨ પર

# અરવિંદ કેજરીવાલને દારુ કૌભાડ કેસમાં ઇડીનું તેડું, ૨ નવેમ્બરે પુછપરછ માટે બોલાવ્યા

એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે એ દારૂકૌભાંડ મામલે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને નોટિસ મોકલી છે. સીએમ અરવિંદ કેજરીવાલને આગામી ૨ નવેમ્બરના રોજ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. આ પહેલા દિલ્હીના સીએમ કેજરીવાલને સીબીઆઈએ, ગત એપ્રિલ મહિનામાં પૂછપરછ માટે બોલાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દારુ કૌભાડ કેસમાં દિલ્હીના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા છેલ્લા ૮ મહિનાથી જેલમાં છે.

કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દિલ્હીના કથિત દારૂ કૌભાંડ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તપાસનો વિસ્તાર વધાર્યો છે. ઊએ હવે આ મામલામાં પૂછપરછ માટે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને સમન્સ મોકલ્યા છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈના રિપોર્ટ અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે અરવિંદ કેજરીવાલને દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે આગામી ૨ નવેમ્બરે હાજર થવા કહ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ દારૂકૌભાંડ કેસમાં સતત કાર્યવાહી કરી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે આ જ કેસમાં, ગત ૪ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ આમ આદમી પાર્ટીના નેતા અને સાંસદ સંજય સિંહની ધરપકડ કરી હતી. આ પહેલા ૨૬ ફેબ્રુઆરીએ દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ૮ કલાકની પૂછપરછ બાદ ધરપકડ કરવામાં આવી હતી.



# ૫ રાજ્યોની ચૂંટણીને લઈને ચૂંટણી પંચનો મોટો નિર્ણય

## ૭થી ૩0 નવેમ્બર સુધી એક્ઝિટ પોલ પર લગાવ્યો પ્રતિબંધ

૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણી લઈને તમામ રાજકીય પક્ષો પુરજોશમાં પ્રચાર કરવામાં લાગી ગયા છે. વિવિધ પક્ષોના દિગ્ગજ નેતાઓ જુદા જુદા રાજ્યોમાં જઈને ચૂંટણી સભાઓ ગજવી રહ્યા છે, તો ચૂંટણી પંચ પણ શાંતિપૂર્ણ, કોઈપણ અવરોધ વિના ચૂંટણી યોજવા માટે સજ્જ થઈ ગયું છે, ત્યારે ૫ રાજ્યોની ચૂંટણીને લઈને ચૂંટણી પંચે મંગળવારે મોટો નિર્ણય કર્યો છે. ચૂંટણી પંચે ૭થી ૩0 નવેમ્બર સુધી એક્ઝિટ પોલ પર પ્રતિબંધ લગાવ્યો છે.





**તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ**

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપર, મેગેઝિન તેમજ સોવેનિયરના સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો

સંપર્કઃ રાજુભાઈ ભાવસાર

**88668 68600**

# જામનગર શહેરમાંથી બે બાળકોને લેવાયા દત્તક

## જિલ્લા સમાહર્તાની ઉપસ્થિતિમાં દત્તક વિધાન અંગેની કાર્યવાહી પરિપૂર્ણ


તસવીરઃ જીતુ સોલંકી


આજથી સાડા ત્રણ વર્ષ પહેલા પુના તથા રાજસ્થાનના દંપતિ દ્વારા ભારત સરકારના સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી(કારા), મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ન્યુ દિલ્હીને બાળક દત્તક લેવા માટે અરજી કરેલ હતી જે અરજીને ગ્રાહ્ય રાખી દંપતિના ઘર તપાસ અહેવાલ તથા કાયદાકીય તમામ પુરાવાના આધારે આ દંપતિઓએ ગુજરાતનું બાળક દત્તક લેવાની ઈચ્છા દર્શાવતા ભારત સરકાર તથા બાળ કલ્યાણ સમિતિ દ્વારા બાળકોને કાયદાકીય રીતે દત્તક વિધાન માટેની મંજૂરી મળ્યાં બાદ આજથી ત્રણ માસ અગાઉ શ્રીકસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહના બે બાળકોનું રેફરલ આપતા દંપતિઓ દ્વારા બાળકની પસંદગી દર્શાવેલ.જેના આધારે જિલ્લા એડોપ્શન કમિટી જામનગર દ્વારા દત્તક દંપતિઓના પુરાવા તથા ઘર તપાસ અહેવાલ ચકાસી બાળકને પ્રી-એડોપ્શનમાં આપવા એડોપ્શન કમિટી દ્વારા પસંદ કરવામાં આવેલ.જેના આધારે જિલ્લા કલેકટર શ્રી બી.એ.શાહ દ્વારા આખરી આદેશ અપાયા બાદ આ બાળકોની દત્તક વાલીઓને સોંપણી કરવામાં આવેલ.

બાળકોને દત્તક લીધેલ વાલીઓએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે અમને સરકારના વિવિધ વિભાગો તેમજ સંસ્થાઓ દ્વારા અકલ્પનિય સહયોગ પ્રાપ્ત થયો. ખુબ જ બારીકાઇ પુર્વક સરકારી તંત્ર દ્વારા તમામ પ્રકારના આયોજનો હાથ ધરવામાં આવ્યા હતા જેના કારણે આજે અમારો પરિવાર પરિપૂર્ણ બન્યો છે.બાળકોના આગમનથી અમારા જીવનમાં અનહદ ખુશીઓ છવાઈ છે.આ માટે અમે કેન્દ્ર તથા રાજ્ય સરકાર, કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ તેમજ અમને આ પ્રક્રિયામાં મદદરૂપ થનાર તમામનો હૃદયપુર્વક આભાર વ્યકત કરીએ છીએ.

ઉલ્લેખનિય છે કે જામનગર સ્થિત કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સ્પેશલાઈઝડ એડોપ્શન એજન્સીની માન્યતા આપવામાં આવેલ છે. તેમજ સમાજ સુરક્ષા ખાતુ ગાંધીનગર દ્વારા બાળ સંભાળ સંસ્થા તરીકેની પણ માન્યતા મળેલ છે. આ સંસ્થા દ્વારા અનાથ, નિરાધાર, ત્યજાયેલા બાળકોને આશ્રય, રક્ષણ તથા શિક્ષણ આપી સમાજમાં પુનઃસ્થાપન કરવાની કામગીરી કરવામાં આવે છે.

આ પ્રસંગે અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, બાળ કલ્યાણ સમિતિના સભ્યો જમનભાઈ સોજીત્રા, અશ્વિનભાઈ પંડ્યા, એ.ટી.અત્તરવાલા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.જે.શિયાર, જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના બી.સી.પ્રમાણી, કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહના પ્રમુખ કરસનભાઈ ડાંગર તથા ખાસ દત્તક સંસ્થાના મેનેજર ઉર્વીબેન સીતાપરા તથા કર્મચારીગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ટ્રાફિક સલામતી જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો


તસવીરઃ જીતુ સોલંકી

ભારત સરકારનાં માર્ગ અને વાહનવ્યવહાર વિભાગનાં માર્ગદર્શન અનુસાર રોડ અકસ્માત દરમ્યાન, રમત ગમત પ્રવૃતિઓ દરમ્યાન કે કોઇ આકસ્મિક ઘટનાઓ દરમ્યાન ઉપસ્થિત થતાં ટ્રોમા દરમ્યાન કેવી જાગૃતિ રાખવી તથા કઇ-કઇ બાબતોની વિશેષ કાળજી રાખવી તેની તાલીમ અને માર્ગદર્શન આપવા માટે જામનગરની સુપ્રસિદ્ધ શ્રી વિદ્યોતેજક મંડળ સંચાલિત ડી.સી.સી.વિ. હાઇસ્કુલ અને એન.ડી.શાહ હાયર સેકન્ડરી વિદ્યાલય દ્વારા ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલનાં સહયોગથી એક વર્કશોપનું આયોજન કરવમાં આવ્યું. આ વર્કશોપમાં ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજનાં તજજ્ઞ સર્જન ડો. પ્રચુરકુમાર (હેડ, સર્જરી વિભાગ), ડો. પાર્થ રવૈયા (આસી. પ્રોફેસર, સર્જરી વિભાગ) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓને આ બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં શાળાનાં હાયર સેકન્ડરી વિભાગનાં ૪૨૫ વિદ્યાર્થીઓ, સ્ટાફમિત્રોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં આચાર્ય ડો. સંજયભાઇ બી. દતાણીનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## તંત્રી સ્થાનેથી..

### અતિ ઉત્તમ નિર્ણય !

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતા લોહિયાળ સંઘર્ષને અટકાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં લાવવામાં આવેલ પ્રસ્તાવથી ભારતે અંતર બનાવીને બિલકુલ યોગ્ય જ કર્યું. ભલે જોર્ડન દ્વારા લાવવામાં આવેલ આ પ્રસ્તાવમાં માનવીય આધાર પર ગાઝામાં સંઘર્ષ વિરામની અપીલ કરવામાં આવી હોય, પરંતુ તેમાં ના તો ઈઝરાયલ પર હમાસના બર્બર હુમલાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો અને ના તેના આતંકવાદીઓ દ્વારા ઈઝરાયલના બસોથી વધુ લોકોને બંધક બનાવવાનો પણ ઉલ્લેખ કર્યો! આ તો બિલકુલ એકપક્ષીય પ્રસ્તાવ જ છે, જેમાં દોષનો ટોપલો માત્ર ઈઝરાયલ પર ઢોળવાનો ઈરાદો છે. આખરે આવા કોઈ પ્રસ્તાવને માનવીય આધારવાળો કેવી રીતે કહી શકાય, જેમાં ૧૪૦૦થી વધુ નિઃશસ્ત્ર લોકોની બર્બર રીતે હત્યા કરનારાઓની નિંદા કરવાથી બચવામાં આવ્યું હોય અને એ તથ્યને ઓઝલ કરી દેવાયું હોય કે ઈઝરાયલની સાથે કેટલાક બીજા દેશોના બસોથી વધુ લોકો લોકોને હમાસના આતંકીઓએ બંધક બનાવી રાખ્યા છે? આ બંધકોમાં મહિલાઓ અને બાળકો પણ છે. હમાસના આતંકી આ બંધક બનાવેલા લોકોની આડ લઈને ઈઝરાયલમાં હજુ પણ રોકેટો દાગી રહ્યા છે. જોકે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં લાવવામાં આવેલ આ પ્રસ્તાવમાં હમાસના હુમલાનો ઉલ્લેખ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો, પરંતુ તેનો સ્વીકાર ન કરવામાં આવ્યો! આ સ્થિતિમાં ભારત સમક્ષ એ જ એક વિકલ્પ બાકી રહ્યો હતો કે તે આ એકપક્ષીય પ્રસ્તાવથી દૂર જ રહે. ભારત સાથે ૪૪ દેશોએ ઉપરોક્ત પ્રસ્તાવ પર થયેલ મતદાનમાં ભાગ ન લીધો અને ૧૪ દેશોએ તેના વિરોધમાં મતદાન કર્યું.


IndianOil **જાહેર સૂચના** IndianOil

ઈન્ડિયનોઈલ ગામડાઓમાં ભૂગર્ભ પાઈપલાઈન ચલાવે છે જે ઉચ્ચ દબાણ હેઠળ અસ્થિર પ્રવાહી ઉત્પાદનોનું વહન કરે છે અને અસામાજિક તત્વો દ્વારા પાઈપલાઈન સાથે ચેડા કરવાના પ્રયાસો, ઉત્પાદનના લીકેજ તરફ દોરી જાય છે અને વિશાળ આગનું કારણ બની શકે છે અને પરિણામે પર્યાવરણને વ્યાપક નુકસાન થાય છે.

પાઇપલાઇનને નુકસાન પહોંચાડવા માટે બદમાશો દ્વારા આવી ઘટનાઓને નિષ્ફળ બનાવવા માટે, ઇન્ડિયન ઓઇલે ઘૂસણખોરીની આવી ઘટનાઓ પર દેખરેખ રાખવા અને શોધી કાઢવા માટે અદ્યતન તકનીકી સિસ્ટમ્સ તૈનાત કરી છે.

ભૂગર્ભ પાઈપલાઈનને નુકસાન પહોંચાડવાના આવા પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે અદ્યતન ટેકનોલોજી અને માનવ સંસાધનની જમાવટ ઉપરાંત, ઈન્ડિયન ઓઈલ પાસે જવાબદાર નાગરિકોને પુરસ્કાર આપવાની યોજના પણ છે કે જેઓ તેની ભૂગર્ભ પાઈપલાઈન સાથે છેડછાડ કરવા માટે આવા કૃત્યોની માહિતી સાથે આગળ આવે છે. આવી ઘટનાઓમાં સંડોવાયેલા ગુનેગારો વિશે માહિતી આપનાર કોઈપણ પ્રિન્સનને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.

આમ, તે પુનરોચ્ચાર કરવામાં આવે છે કે કોઈપણ ગેરકાયદેસર ઘૂસણખોરી અથવા ઈન્ડિયન ઓઈલ પાઇપલાઇન્સને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ પેટ્રોલિયમ એન્ડ મિનરલ્સ પાઇપલાઇન્સ (જમીનમાં વપરાશકર્તાના અધિકારનું સંપાદન) સુધારા અધિનિયમ, 2011 અથવા ગેરકાયદેસર પ્રયાસમાં ઘૂસણખોરો/ભ્રષ્ટાચારીઓ માટે ગંભીર પરિણામો ભોગવશે. પેટ્રોલિયમ પાઈપલાઈનને નુકસાન પહોંચાડવું, તે કોગ્નિઝેબલ અને બિન-જામીનપાત્ર ગુનાની શ્રેણીમાં આવે છે. આવા ગુનાઓ માટેની સજાની તીવ્રતા સખ્ત કેદથી લઈને આજીવન કે મૃત્યુ સુધીની કેદ સુધીની છે. વધુમાં, આ અધિનિયમ મુજબ, જપ્ત કરાયેલી ચીજવસ્તુઓ, પેટ્રોલિયમ પેદાશો ચોરાઈ નથી તે સાબિત કરવાનો બોજ જે વ્યક્તિના કબજામાંથી, મિલકત જપ્ત કરવામાં આવી છે તેના પર રહેશે.

ભારતીય દંડ સંહિતા (આઈપીસી) ની કલમ 285, 379, 427, 511, 120-બી અને વિસ્ફોટક પદાર્થ અધિનિયમ, 1908 ની કલમ 3 અને 4 અને કાયદાની કલમ 34 ની જોગવાઈઓ અનુસાર આવા ગુનાઓ પણ સજાપાત્ર છે. પબ્લિક પ્રોપર્ટી એક્ટ, 1984, વધુમાં, ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટિ-સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ, 1985 (PASA) ની જોગવાઈઓ આવા કિસ્સાઓમાં પણ લાગુ પડે છે.

અમે પાઈપલાઈનની નજીકના વિસ્તારોમાં રહેતા નાગરિકોને સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ ઈન્ડિયન ઓઈલ અને સ્થાનિક પોલીસ અધિકારીઓને કરવા વિનંતી કરીએ છીએ, કારણ કે આ પાઈપલાઈન રાષ્ટ્રીય મહત્વની સંપત્તિ છે. આવી ગેરકાયદે ઘૂસણખોરીની માહિતી આપનાર નાગરિકોની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

ઈન્ડિયનઓઈલના ઈમરજન્સી કોન્ટેક્ટ નંબર્સ (ટોલ ફ્રી) છે 18001232219/18001026322 અમે ગાર્ડ દ્વારા ઈન્ડિયન ઓઈલની પાઈપલાઈન ROW ના રોજિંદા પેટ્રોલિંગમાં કોઈપણ પ્રકારની અડચણ ઊભી ન કરવા વિનંતી કરીએ છીએ. પેટ્રોલિંગ માટે કૃષિ ક્ષેત્ર/ખાનગી જગ્યાની અંદર પ્રવેશ માટેની જોગવાઈ પૂરી પાડવામાં આવે છે.
વિસ્તારને વાડ કરવામાં આવી છે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.
પશ્ચિમ ક્ષેત્રની પાઈપલાઈન જામનગર


## અનુસંધાન

### રન ફોર યુનિટિ

(પાના નં. ૪ થી આગળ)

ઉત્સાહભેર સહભાગી થયા હતાં. આ દોડ વિવિધ બે કેટેગરીમાં યોજાઈ હતી જેમાં મહિલાઓ અને બાળકો માટે ૩ કી.મી.તેમજ ઓપન દોડ ૬ કી.મી.નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રૂટ એકની દોડ રણમલ તળાવ ગેઈટ નં.૧ ના પાર્કિંગથી ગુજરાત ટ્રાવેલ્સ, શ્યામજી કૃષ્ણવર્મા ગાર્ડન, શ્રદ્ધા હોસ્પીટલ, મિગ કોલોની, જંગલેશ્વર મહાદેવ મંદિર, પ્રદશન ગ્રાઉન્ડ, લાલ બંગલો, ભીડભંજન મંદિર સામે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ થઇ ગેઇટ નં.૨ પર પૂર્ણ થઈ હતી. જ્યારે રૂટ બે ની દોડ રણમલ તળાવ ગેઈટ નં.૧ પાર્કિંગથી ભુજીયા કોઠા, ખંભાળિયા ગેઈટ, આયુષ હોસ્પીટલ મેઈન રોડ, એસ.ટી.બસ ડિપો, સાત રસ્તા, પ્રદશન ગ્રાઉન્ડ, લાલ બંગલો થઇ ભીડભંજન મંદિર સામે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ થઇ ગેઇટ નં.૨ પર પૂર્ણ થઈ હતી.

જામનગરમાં સરદાર પટેલની જન્મજયંતિ નિમિતે રણજીતનગર પટેલ સમાજ ખાતે આવેલી સરદાર પટેલની પ્રતિમાને મહાનુભાવોએ ફુલહાર કર્યા હતાં, વિદ્યાર્થીઓ અને લોકો દોડમાં પણ મોટી સંખ્યામાં જોડાયા હતાં, માર્ગમાં લીંબુ પાણી, ઓઆરએસ આપવામાં આવ્યા હતાં તેમજ મેડીકલ ટીમના ડોકટર અને એમ્બ્યુલન્સ પણ સાથે રાખવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા સરદાર પટેલની જન્મજયંતિ ભાવભેર ઉજવવા માટે તમામ મહાનગરપાલિકામાં એકતા દોડ સહિતના અન્ય કાર્યક્રમો યોજવામાં આવ્યા છે અને જામનગરમાં પણ જિલ્લા કલેકટર તંત્ર, એરફોર્સ દ્વારા આ એકતા દોડના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### કાર્યપાલક ઈજનેર

(પાના નં. ૪ થી આગળ)

ગુનો નોંધવામાં આવ્યો હતો. આ અંગેનો કેસ ખંભાળિયાની સ્પેશિયલ બીજા એડિશનલ સેશન્સ જજ શ્રી વી.પી. અગ્રવાલ સાહેબની કોર્ટમાં ચાલી જતા આ પ્રકરણમાં પંચો તથા સાહેદોની તપાસ તેમજ તપાસનીસ અધિકારીની જુબાની સાથે જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખીને નામદાર અદાલતે હાલ નિવૃત્ત નાયક ઈજનેરને ત્રણ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

### ઢોર પકડ ઝૂંબેશ

(પાના નં. ૪ થી આગળ)

શહેરમાં જાહેરમાં ઘાસચારાનો વેચાણ કરીને જાહેર માર્ગ ઉપર પશુઓને ખોરાક આપી અડધણ વિગત કરી રહ્યા છે આવા ઘાસચારાના વિક્રેઓ સામે પોલીસ ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને શહેરના એ-ડિવિઝન તથા બી- ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ સમગ્ર સામે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.

### રસ્તા-દબાણો

(પાના નં. ૪ થી આગળ)

સોલીડ વેસ્ટાના અધિકારી મુકેશ વરણવા, એસ્ટેટના નીતીન દીક્ષીત સહિતની ટીમે અલગ અલગ વિસ્તારમાં ૧૬ વોર્ડમાં જે અધિકારીઓને જવાબદારી સોપી છે તેનું મોનીટરીંગ કરવાનું રહેશે, કયા રસ્તામાં કેટલા પશુઓ છે, આડેધડ પાર્કિંગ કયા વિસ્તારમાં વધુ છે, ઉપરાંત અન્ય દબાણો કઇ પ્રકારના છે તે અંગે માહિતી આપવાની રહેશે, ટુંકમાં હવે અધિકારીઓની નિમણુંક થયા બાદ જે તે વોર્ડમાં અધિકારીઓની જવાબદારી રહેશે.

### લિકેજ

(પાના નં. ૪ થી આગળ)

લાગ્યું હતું. જે પાણીના લીકેજ અંગેની જાણકારી મળતાં જામનગર મહાનગરપાલિકાના વોટર વર્કશ શાખાના મુખ્ય અધિકારી નરેશભાઈ પટેલ તુરતજ ઘટના સ્થળે દોડી ગયા હતા, અને સૌપ્રથમ પાણીનો પ્રવાહ બંધ કરાવી દેવાયો હતો. ત્યારબાદ મરામત નું કામ કરતી ટુકડીને દોડતી કરાવાઈ હતી, અને રાત્રિના સમયે ગેસ વેલ્ડીંગ સહિતની પ્રક્રિયાઓ હાથ ધરીને ચાર કલાકની જહેમત બાદ લીકેજને દૂર કરી લેવાયું હતું, અને ફરીથી અડધી રાત્રે પાઈપલાઇનમાં પાણીનો પ્રવાહ વહેતો કરી દેવાયો હતો.

### પોલીસને બાતમી

(પાના નં. ૪ થી આગળ)

મોબાઇલ ફોન તેમજ ચાંદીની માળા અને ઇયરફોન તોડી નાખી આશરે ૧૫ હજાર જેટલુ નુકશાન પહોચાડ્યુ હતું તેમજ આરોપીઓએ જતા જતા હવે પછી પોલીસમાં બાતમી આપીશ તો જાનથી મારી નાખવાની ધમકી દઇ એકબીજાને મદદગાર કરી હતી. આ ફરીયાદના આધારે પીએસઆઇ બુડાસણા દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે.

### શંકાસ્પદ હિલચાલ

(પાના નં. ૪ થી આગળ)

હિલચાલ જોવા મળતી હોવાની વિગતો પોલીસને અપાતા ધમકી મળતી હોવાની રજુઆતમાં જણાવ્યું છે.

### કલેકટરનો ખુલાસો

(પાના નં. ૩ થી આગળ)

પ્રદર્શન કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો, આ પ્રકારનું જાહેરનામું ગેરકાયદે અને ગેરબંધારણીય છે તેવી અરજી થઇ હતી, આ અરજીમાં જણાવાયુ હતું કે નવરાત્રીના સમયમાં આવું જાહેરનામુ હોય તે સમજી શકાય તેમ છે પરંતુ આ જાહેરનામું લંબાવાતા આ અરજી થઇ હતી આમ હાઈકોર્ટે જીલ્લા કલેકટરનો ખુલાસો માંગ્યો હોવાનું જાણવા મળેલ છે.

### ધુંવાવ પાસે

(પાના નં. ૩ થી આગળ)

તાલુકાના ધુંવાવ પાસેથી આરોપી જીતેન સબેસીંગ થાઉ બગેલ (ઉ.વ.૨૨) ખેત મજુર રહે. મુળ જગદીગામ ગુરવાલ ફળીયુ, તા. જોબટ, જી. આલીરાજપુર એમ.પી., હાલ માનસરગામ તા.જી. મોરબીવાળાના કબ્જામાંથી હોન્ડા સીડી ડીલકસ નં. જીજે૦૩-એમએસ-૮૪૫૫ કિ. ૪૫૦૦૦ના મુદામાલ સાથે મળી આવતા પકડી પાડી આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વધુ માર્યવાહી માટે પંચ-એ ડીવીઝન પોલીસ સ્ટેશન સોપી આપ્યો હતો.

### હિચકારો હુમલો

(પાના નં. ૩ થી આગળ)

અપશબ્દો બોલી, જાનથી મારી નાખવાની ધમકી દીધી હતી. આ બનાવ અંગે સહદેવસિંહ જાડેજા દ્વારા કાલાવડ ગ્રામ્ય પોલીસમાં ખીમાણી સણોસરામાં રહેતા અનિરુધ્ધસિંહ ધીરુભા જાડેજા, રવિરાજસિંહ, યોગીરાજસિંહ, દિવ્યરાજસિંહ શિવરાજસિંહ જાડેજા નામના ચારેય શખ્સો વિરુધ્ધ જુદી જુદી કલમો મુજબ ફરીયાદ નોંધાવી હતી.

### ભાજપમાં નવા

(પાના નં. ૩ થી આગળ)

પાદરીયાને રીપીટ કરવામાં આવ્યા છે. મહામંત્રી તરીકે આહિર સમાજના જીગ્નેશભાઈ ડેર ને પણ રીપીટ કરાયા છે અને બીજા મહામંત્રી તરીકે ક્ષત્રિય સમાજના મહાવીરસિંહ વાળાને જવાબદારી સોંપવામાં આવી છે. વિછીયા તાલુકા ભાજપમાં કોળી સમાજના અશ્વિનભાઈ સાકડીયાને પ્રમુખ તરીકે રીપીટ કરવામાં આવ્યા છે. મહામંત્રીઓ તરીકે કડવા પાટીદાર સમાજના વલ્લભભાઈ મેટલીયા અને લોહાણા સમાજના સાગરભાઇ જસાણીને જવાબદારી સોંપવામાં આવી છે.

ધોરાજી તાલુકા ભાજપના પ્રમુખ તરીકે લેઉવા પટેલ સમાજના મયુરભાઈ શિંગાળા, મહામંત્રી તરીકે ક્ષત્રિય સમાજના હરદીપસિંહ રાયજાદા અને આહિર સમાજના રાજુભાઈ પિઠીયા નો સમાવેશ કરાયો છે.

### રાષ્ટ્રિય એકતા

(પાના નં. ૩ થી આગળ)

કર્મયોગીઓ દ્વારા રાષ્ટ્રભાવના યથાવત રાખવાના શપથ ગ્રહણ કરવામાં આવે છે. જામનગર કલેકટર કચેરી ખાતે કર્મયોગીઓએ એકતા શપથ ગ્રહણ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર તેમજ કલેકટર કચેરીની તમામ શાખાના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

### તુષ્ટીકરણ

(પાના નં. ૧ થી આગળ)

છોડીને આગળ વધવાનો સંકલ્પ લીધો છે. અમે અમારા વારસાનો વિકાસ અને જતન કરી રહ્યા છીએ. ભારતે તેના નૌકા ધ્વજમાંથી ગુલામીનું પ્રતીક હટાવી દીધું છે. ગુલામીના જમાનામાં બનેલા બિનજરૂરી કાયદાઓ પણ દૂર કરવામાં આવી રહ્યા છે. ભારતીય ન્યાયિક સંહિતા પણ ઈંડ્ઈ દ્વારા બદલવામાં આવી રહી છે. જયાં એક સમયે ઈન્ડિયા ગેટ પર વિદેશી શક્તિના પ્રતિનિધિની પ્રતિમા હતી ત્યાં હવે નેતાજી સુભાષની પ્રતિમા આપણને પ્રેરણા આપી રહી છે. ૧૫મી ઓગસ્ટે દિલ્હીના લાલ કિલ્લા ખાતે યોજાનાર કાર્યક્રમ, ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીના દૂતવા પથ પર પરેડ અને ૩૧મીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની હાજરીમાં મા નર્મદાના કિનારે રાષ્ટ્રીય એકતા દિવસનો મુખ્ય કાર્યક્રમ. ઓક્ટોબર, રાષ્ટ્રીય ઉત્થાનની ત્રિમૂર્તિ બની છે. પીએમએ કહ્યું, અમે ચૂંટણીની મોસમમાં છીએ અને આવતા વર્ષે લોકસભાની ચૂંટણી છે. કેટલાક રાજકીય પક્ષો માત્ર તુષ્ટિકરણને કારણે હકારાત્મક રાજકારણમાં માનતા નથી. તેઓ માત્ર પોતાની રાજનીતિ માટે દેશની સુરક્ષા સાથે સમાધાન કરવા તૈયાર છે. તેઓ તેમની નકારાત્મક રાજનીતિને કારણે દેશ પર તોળાઈ રહેલા જોખમ વિશે વિચારવા તૈયાર નથી. આવા લોકો અને તેમની વિભાજનકારી રાજનીતિથી રાષ્ટ્રએ સજાગ અને જાગૃત રહેવાની જરૂર છે.

### ભડક્યું મહારાષ્ટ્ર

(પાના નં. ૧ થી આગળ)

ધારાસભ્ય પ્રકાશ સોલંકીના બંગલામાં આગ લગાવી હતી. આ દરમિયાન બંગલામાં પાર્ક કરેલા આઠથી ૧૦ ટુ વ્હીલર બળીને ખાખ થઈ ગયા હતા

આંદોલન દરમિયાન થયેલી હિંસામાં પોલીસે ૪૯ લોકોની ધરપકડ કરી છે. એક અધિકારીએ મંગળવારે આ જાણકારી આપી હતી કે,. રાજકારણીઓની મિલકતોને નિશાન બનાવીને હિંસા અને આગચંપી કરવાની અનેક ઘટનાઓને પગલે સોમવારે સાંજે બીડ જિલ્લાના ભાગોમાં કર્ફ્યુ લગાવવામાં આવ્યો છે. બીડના પોલીસ અધિક્ષક નંદકુમાર ઠાકુરે જણાવ્યું કે પરિસ્થિતિ હાલમાં નિયંત્રણમાં છે. તેમણે કહ્યું, હુલ્લડો અને જીવને જોખમમાં મૂકવાના કેસ નોંધવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૪૯ પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી છે. રાત્રિ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ નોંધાયો ન હતો અને પરિસ્થિતિ કાબૂમાં છે.

### સિંગુર જમીન વિવાદ

(પાના નં. ૧ થી આગળ)

લિમિટેડ પાસેથી ૧૧ ટકા વાર્ષિક વ્યાજ સાથે રૂ. ૭૬૫.૭૮ કરોડની રકમ વસૂલવા માટે હકદાર છે. આ રકમ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૬ થી વળતરની ચુકવણી કર્યા સુધીની તારીખ સુધી વ્યાજની ગણતરી કરવામાં આવશે.





# લોખંડી પુરૂષને ફૂલહાર કરતાં રાજકીય નેતાઓ

સરદાર પટેલની જન્મજયંતી નિમિતે એકતા દોડ અને રણજીતનગરમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરવાનો એક કાર્યક્રમ ભાજપ અને કોંગ્રેસ દ્વારા યોજાયો હતો, જેમાં મેયર વિનોદ ખીમસુર્યા, ભાજપ શહેર પ્રમુખ ડો. વિમલ કગથરા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. ચેરમેન નિલેશ કગથરા, નેતા આશિષ જોશી, દંડક કેતન નાખવા, હસમુખભાઈ હિંડોચા સહિતના અગ્રણીઓ તેમજ કોંગ્રેસ વતી શહેર કોંગી પ્રમુખ દિગુભા જાડેજા, વિપક્ષી નેતા ધવલ નંદા, કોર્પોરેટર જેનબ ખફી, આનંદ રાઠોડ, ભરતભાઈ વાળા સહિતના અગ્રણીઓ હાજર રહયા હતા.

# દ્વારકામાં ૨૧૫૧ ફૂટ રાષ્ટ્રધ્વજ સાથે ફલેગ માર્ચ બન્યું આકર્ષણનું કેન્દ્ર



ભારતના પ્રથમ ગૃહમંત્રી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની આજે જન્મ જયંતિ નિમીતે દેશભરમાં શ્રધ્ધાસુમનરૂપે અનેકવિધ કાર્યક્રમો યોજાઇ રહયા છે, જેના ઉપલક્ષમાં દેવભુમી દ્વારકા અખિલ ભારતીય વિધાર્થી પરિષદ દ્વારા જીલ્લા સંયોજક સંદીપભાઈ મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને ૨૧૫૧ ફુટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે દ્વારકાધિશ મંદિર માર્ગ સુધી ફલેગમાર્ચ યોજાઇ હતી જેમાં ૫૦૦થી વધુ એબીવીપીના કાર્યકર્તાઓ જોડાયા હતા.

# જામનગરમાં જાહેરનામા સંબંધે જિલ્લા કલેકટરનો ખુલાસો પૂછાયો

## હાઈકોર્ટ દ્વારા એક અઠવાડિયામાં સોગંદનામું રજૂ કરવા આદેશ



જામનગર શહેરમાં કલેકટર કચેરી, કમિશ્નર કચેરીમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ (સીઆરપીસી)ની કલમ ૧૪૪ મુદે ખુલાશો કરવા ગુજરાત હાઈકોર્ટે જામનગરના જીલ્લા કલેકટરને નિર્દેશ કર્યો છે, સામાન્ય જનતાને ધરણાં, પ્રદર્શન કે દેખાવો પર પ્રતિબંધ ફરમાવતી કલમ ૧૪૪ હેઠળના જાહેરનામાને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો જેમાં કોર્ટે એક સપ્તાહમાં જરૂરી સોગંદનામું કરવા જણાવ્યુ હતું.

જીલ્લામાં સામાન્ય નાગરીકોને કોઈપણ પ્રકારના ધરણાં, પ્રદર્શન, દેખાવો કે વિરોધ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પડાયા બાદ ગુજરાત હાઈકોર્ટમાં એક જાહેર હીતની અરજી કરવામાં આવી હતી, જેમાં કલેકટર ઓફીસ, કોર્પોરેશન ઓફીસ અને પોલીસ કચેરી સામે દેખાવ-

અનુ પાના નં.૨ પર

# ધૂતારપરની સીમમાં બે બાઈક ટકરાયા, યુવાન ગંભીર રીતે ઘવાયો

જામનગર તાલુકાના ધુતારપર ગામના પરસોતમ નરશીભાઈ માધાણી (ઉ.વ.૫૮) એ ગઈકાલે પંચ-એમાં મોટરસાયકલ નં. એમપી-૪૫એમસી-૫૦૭૩ના ચાલક સામે ફરીયાદ કરી હતી. તા. ૨૯ સવારના સુમારે ફરીયાદીના ભત્રીજા કિશોર સામજીભાઈ માધાણી (ઉ.વ.૪૫) તેમનું મોટરસાયકલ નં. જીજે૧૦-એજે-૨૨૨૫ લઈને ઘરેથી વાડીએ જતા હતા. આ વેળાએ ધુતારપરની ચકુડી સીમ વિસ્તાર, કેનાલ રસ્તે પહોચતા ઉપરોક્ત નંબરના બાઈકના ચાલક આરોપીએ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી યુવાનના બાઈક સાથે સામેથી ભટકાડી અકસ્માત સર્જયો હતો, જેમાં ફરીયાદીના ભત્રીજા કિશોરભાઈને હેમરેજ તથા મોઢાના ભાગે ફ્રેકચર સહિતની ઈજાઓ પહોચાડી હતી.






# સરદાર જયંતિ નિમિત્તે ચેલા ખાતે એસઆરપી જવાનો દ્વારા માર્ચપાસ્ટ

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિતે ગઈકાલે સાંજે ચેલા એસઆરપી કેમ્પના જવાનો દ્વારા એક માર્ચપાસ્ટ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં એસઆરપીના ડીવાયએસપી, પીઆઈ, પીએસઆઈ તેમજ ૮૦ થી વધુ જવાનો જોડાયા હતા, આ રેલીમાં પોલીસ સંભારણા દીન અને એકતા દીન, જનજાગૃતી રેલીના બેનરો સાથે માર્ચપાસ્ટ કરવામાં આવી હતી.

# ધુંવાવ પાસે બઠાવેલી બાઈક સાથે એક ગઠિયાની ધરપકડ

જામનગર તાબેના ધુંવાવ ગામેથી એક શખ્સને ચોરાઉ મોટરસાયકલ સાથે એલસીબીની ટુકડીએ પકડી પાડયો હતો, પંચ-એનો ગુનો ડીટિકટ કરવામાં આવ્યો છે.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવએ ચોરીના કેશો શોધી કાઢવા જણાવેલ હોય, જે અનુસંધાને જીલ્લા એસપી પ્રેમસુખ ડેલુ, એલસીબી પીઆઈ જે.વી. ચૌધરીના માર્ગદર્શન મુજબ સ્ટાફના આર.કે. કરમટા, પીએસઆઈ એસ.પી. ગોહીલ, પીએસઆઈ પી.એન. મોરી તથા સ્ટાફના માણસો પ્રોહી-જુગારના કેશો શોધી કાઢવા અંગે કાર્યરત હતા.

દરમ્યાન એલસીબીના અરજણભાઈ કોડીયાતર, વનરાજભાઈ મકવાણા તથા ધર્મેન્દ્રસિંહ જાડેજાને સંયુકત રીતે ખાનગી બાતમીદારથી હકીકત આધારે જામનગર

અનુ પાના નં.૨ પર

# ખીમાણી સણોસરામાં વૃદ્ધ ઉપર ધોકાથી હિચકારો હુમલો

## રસ્તો બંધ કરી આરોપીઓએ માર સાથે ધમકી આપતાં ચાર સામે ફરિયાદ

કાલાવડ તાલુકાના ખીમાણી સણોસરા ગામમાં રહેતા સહદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા (ઉ.વ.૫૫) નામના વૃધ્ધ ગઈકાલે બપોરે પોતાનું મોટરસાયકલ લઈને રાજકોટથી ખીમાણી સણોસરા જતા હતા, દરમ્યાન ચાપડા ગામના ડેમની પાસેથી ગામમાં જવાના રસ્તે પહોચતા આરોપી અનિરુધ્ધસિંહએ રસ્તો બંધ કરેલ હતો.

જેથી સહદેવસિંહએ આરોપીને આ બાબતે પુછતા ફરીયાદીને આ રસ્તે નીકળવાની અગાઉ પણ ના પાડેલ હોય તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલી ફરીયાદીને હાથ, વાંસામાં ધોકો માર્યો હતો તેમજ અન્ય આરોપીઓએ ધોકાઓ વડે હુમલો કરી મુંઢ માર મારી,

અનુ પાના નં.૨ પર

# વાલકેશ્વરીમાંથી બાઈક ગાયબ

મુળ સિકકાના હાલ જામનગર ગ્રીનસીટી શેરી નંઉ ૭માં રહેતા શુભમ પ્રવિણકુમાર ત્રિવેદીનું સ્પ્લેન્ડર પ્લસ બાઈક નં. જીજે૧૦ડીબી-૪૩૪૩ ગત તા. ૨૭ના સમય દરમ્યાન વાલકેશ્વરી સોસાયટીમાં આવેલ સોપાન રેસીડેન્સી, ટ્રાવેલ્સ ઓફીસ શોપ નં. ૫ પાસે રાખ્યુ હતું ત્યાથી કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી જતા સીટી-બીમાં ફરીયાદ કરવામાં આવી હતી.

# જામનગરના ગંગાવાવના પાટિયે દુકાનમાં પડ્યું ખાતર

જામનગર તાલુકાના લાવડીયા ગામમાં રહેતા પ્રફુલ નવિનભાઈ ગંઢા (ઉ.વ.૩૪)ની ગંગાવાવના પાટીયા પાસે માધવી પાન નામની દુકાન આવેલી છે, ગત તા. ૨૪ના રાત્રીના સુમારે કોઈ અજાણ્યા ઈસમો દુકાનનું પતરું તોડીને અંદર ત્રાટકયા હતા અને દુકાનના થડામાંથી રોકડા ૭૫૦૦ તથા કરીયાણાનો સામાન ૪૦ કીલો લોટ, શેમ્પુ, બીડી, બિસ્કીટ, ગુટકાના પેકેટ મળી આશરે ૧૨૫૦૦નો મુદામાલ ચોરી કરી ગયા હતા. આ બનાવ અંગે પ્રફુલભાઈએ ગઈકાલે પંચ-બીમાં અજાણ્યા ૩ શખ્સો વિરુદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસ દ્વારા સીસી ફુટેજ ચેક કરવા સહિતની તપાસ લંબાવી હતી.

# જેતપુર, ઉપલેટા, વીંછિયા, કોટડા, ધોરાજી ભાજપમાં નવા પ્રમુખ મહામંત્રીઓ નિમાયા

રાજકોટ જિલ્લા ભાજપના પ્રમુખ તરીકેની જવાબદારી અલ્પેશભાઈ ઢોલરીયાએ લીધા પછી ગઈકાલે મોડી સાંજે સંગઠન માળખામાં અનેક મહત્વના ફેરફારો કર્યા છે. ત્રણ વર્ષની ટર્મ પૂરી થઈ હોય તેવા જેતપુર શહેર, જેતપુર તાલુકા, કોટડા સાંગાણી, ઉપલેટા શહેર, વિંછીયા તાલુકા, ધોરાજી તાલુકા, જેતપુર તાલુકાની પ્રમુખ મહામંત્રીઓની નવી ટીમ જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા મહિલા મોરચા અને જિલ્લા યુવા ભાજપની ટીમ પણ નવી જાહેર કરવામાં આવી છે.

જે ફેરફાર કરવામાં આવ્યા છે તેમાં કોટડા સાંગાણી તાલુકા ભાજપમાં લેઉવા પટેલ જ્ઞાતિના આગેવાન જસમતભાઈ સાંગાણીને પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે. મહામંત્રી તરીકે ક્ષત્રિય સમાજના હરદેવસિંહ જાડેજા અને આહીર સમાજના ઘનશ્યામભાઈ મકવાણાને નિયુક્ત કરવામાં આવ્યા છે.

જેતપુર શહેરમાં પ્રમુખ તરીકે ખત્રી સમાજના રમેશભાઈ જોગીને રીપીટ કરાયા છે મહામંત્રીમાં લેઉવા પટેલ સમાજના બાબુભાઈ ખાચરિયાને રીપીટ કરવામાં આવ્યા છે. જયારે સિંધી સમાજમાંથી રાહુલ આસનાનીને તક આપવામાં આવી છે. જેતપુર તાલુકા ભાજપમાં પ્રમુખ તરીકે અશોકભાઈ ઉંધાડ, મહામંત્રી તરીકે નરસિંહભાઈ સોજીત્રા અને રસિકભાઈ સખીયાના નામની જાહેરાત કરવામાં આવી છે. ત્રણે ત્રણ લેવા પટેલ સમાજના છે અને મહામંત્રી નરસિંહભાઈને રીપીટ કરવામાં આવ્યા છે.

ઉપલેટામાં શહેરમાં પ્રમુખ તરીકે કિરીટભાઈ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં જિલ્લા કલેકટર કચેરી ખાતે કર્મયોગીઓએ રાષ્ટ્રિય એકતાના શપથ લીધાં




ભારતીય સ્વતંત્રતા ચળવળના અગ્રગણ્ય સેનાની અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલજીની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪થી સરદાર વલ્લભભાઈ પટેલજીના જન્મદિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે તા.૩૦ ઓક્ટોબરના રોજ રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં રાષ્ટ્રીય એકતા શપથ દિવસ મનાવવામાં આવે છે. જેમાં

અનુ પાના નં.૨ પર

# રન ફોર યુનિટિ કાર્યક્રમમાં નગરજનોનો ઉત્સાહ છલકાયો








તસવીરઃ જીતુ સોલંકી

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિતે આર્મી, એરફોર્સ તથા જામનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે શહેરના રણમલ તળાવ ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, જિલ્લા કલકટર બી.એ.શાહ, મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.મોદી, પોલીસ અધીક્ષક પ્રેમસુખ ડેલુ, નેવી કોમોડોર જે.એસ.ધનોવા, એરફોર્સ એર કોમોડોર પુનિત વિધ, બ્રિગેડિયર સૌરભ વત્સ, શાશક પક્ષના નેતા આશિષભાઈ જોશી, શહેર પ્રમુખ વિમલભાઈ કગથરા, ડીએમસી ભાવેશ જાની સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ દોડમાં સેનાની ત્રણેય પાંખ, જામનગર જિલ્લા પોલીસ, એન.સી. સી. કેડેટ્સ, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, જામનગર મહાનગરપાલિકાની વિવિધ શાખાના કર્મીઓ તથા શહેરીજનો વગેરે મળી ૩ હજારથી વધુ લોકો

અનુ પાના નં.૨ પર

## સેનાની ત્રણેય પાંખ-જિલ્લા પોલીસ સહિત હજારો લોકો ઉમટ્યાંઃ મેયર-કલેકટર સહિતના મહાનુભાવોની હાજરી

# ખંભાળિયાના લાંચિયા કાર્યપાલક ઈજનેર ત્રણ વર્ષ માટે 'અંદર' ગયા

ખંભાળિયાના ધરમપુર સીમ વિસ્તારમાં રહેતા એક આસામી દ્વારા જામનગર જિલ્લા માર્ગ અને મકાન પંચાયત વિભાગ હેઠળ તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં સાઈન બોર્ડ વિગેરેનો કોન્ટ્રાક્ટ રાખવામાં આવ્યો હતો. આ અંગેનું કામ તારીખ ૨૮ એપ્રિલ ૨૦૦૫ ના રોજ પૂર્ણ થયું હતું.

આ કામના ફાઈનલ બિલ તૈયાર કરવા માટે ખંભાળિયાની માર્ગ મકાન પંચાયત પેટા વિભાગ કચેરીમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા સલીમભાઈ હુસેનભાઈ ઠેબા દ્વારા ફરિયાદી આસામી પાસેથી રૂપિયા ૧,૫૦૦ ની માંગણી કરવામાં આવી હતી. જે પૈકી રૂપિયા ૧,૦૦૦ તેઓ તારીખ ૧ જૂન ૨૦૦૬ ના રોજ આપવા માટે તૈયાર થયા હતા.

લાંચની રકમ ફરીયાદી આસામી આપવા માંગતા ન હોય, જેથી એ.સી.બી. વિભાગને જાણ કરતા એ.સી.બી. પોલીસે ઉપરોક્ત નાયબ કાર્યપાલક ઈજનેરને રોકડ રકમની લાંચ લેતાં છટકામાં દબોચી લીધા હતા અને તેમની સામે જામનગર એ.સી.બી. પોલીસ મથકમાં તા. ૨ જૂન ૨૦૦૬ ના રોજ

અનુ પાના નં.૨ પર

### જાગે છે જમાદાર...

## પ્લોટ વિસ્તારમાંથી દારૂ સાથે એક શખસની અટક

જામનગરના દિ.પ્લોટ-૫૮, હિંગળાજ ચોક, શેરી નં. ૪માં રહેતા હિરેન રમેશ ડોડીયા (ઉ.વ.૩૨) નામના શખ્સને ઈંગ્લીશ દારુની ૧ બોટલ સાથે રૂપીયાના સિકકા પાસેથી સીટી-સી પોલીસે દબોચી લીધો હતો.

## દ્વારકામાં અકસ્માતે પડી ગયેલાં વૃદ્ધનું મોત

દ્વારકા તાલુકાના વરવાળા ગામે હાલ રહેતા અને મૂળ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના રહીશ એવા દેવશીભાઈ ગોપાલભાઈ વાઘડિયા નામના ૮૫ વર્ષના વૃદ્ધ એક આસામીની વાડીમાં દેખરેખ કરી રહ્યા હોય, ત્યારે કોઈ અકળ કારણોસર પડી જવાના કારણે ઈજાગ્રસ્ત હાલતમાં તેમનું મૃત્યુ નીપજ્યું હોવાની જાણ મહેશભાઈ દેવશીભાઈ વાઘડિયાએ દ્વારકા પોલીસને કરી છે.

## ઓખા મંડળમાં ત્રણ જુગારિયા ઝડપાયા

ઓખા મંડળના ભીમરાણા ગામ ખાતેથી પોલીસે વસંત કારુ જનગરીયા અને રણમલ ઉર્ફે ચુંગી સવા ચૌહાણ નામના બે શખ્સોને ગંજીપત્તા વડે જુગાર રમતા તથા ઓખાના બર્માશલ ક્વાર્ટર વિસ્તારમાંથી રજાક કરીમ સમા નામના ૩૨ વર્ષના મુસ્લિમ શખ્સને વરલી મટકાના આંકડા વડે જુગાર રમતા ઝડપી લઈ, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

## બેહના યુવકને ચાર શખસોએ આપી ધમકી

ખંભાળિયા તાલુકાના બેહ ગામના વાડી વિસ્તારમાં રહેતા પબુભાઈ વાલાભાઈ અજુભાઈ પતાણી નામના ૩૮ વર્ષના ગઢવી યુવાનને કોઈ બાબતે બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપવા સબબ આ જ ગામના ભારામલ ભીમા વરજાંગવારા, ભીખા ભારામાલ વરજાંગવારા, લક્ષ્મણ ભીમા વરજાંગવારા અને ખેંગાર ભીમા વરજાંગવારા નામના ચાર શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# જામનગરના દારૂના દરોડામાં ૬ મહિલા સહિત ૧૪ જુગારિયા ચડ્યા પોલીસ ઝપટે

જામનગરના શંકરટેકરી પાણીના ટાંકા પાસે જાહેરમાં તિનપતીનો જુગાર રમતા ૮ શખ્સોને રોકડ તથા મોબાઈલ મળી ૫૪૭૦૦ના મુદામાલ સાથે એલસીબીએ ઝડપી લીધા હતા, જયારે ગોકુલનગરના મયુરનગર વિસ્તારમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતી ૬ મહિલાઓની રોકડ સાથે અટકાયત કરવામાં આવી હતી.

દરમ્યાન એલસીબીના પોલીસ કોન્સ. ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા કિશોરભાઈ પરમારને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે જામનગર શહેરમાં શંકરટેકરી, પાણીના ટાંકા પાસે ચોકમાં ગંજીપતાના પાના વડે તીનપતી રોનપોલીસ નામનો જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરી જુગાર રમતા ઈમ્તીયાઝ મામદ ખફી (ઉ.વ.૪૯), યુનુસ હુશેન ખીરા (ઉ.વ.૩૮), હાજી આદમ ખીરા (ઉ.વ.૨૭), હુશેન કાસમ શેખ (ઉ.વ.૩૧), ઈશા કાસમ ખ્યાર (ઉ.વ.૩૩), ગોપાલ હીરા રામાણા (ઉ.વ.૩૦), હાસમ જુમા નોતીયાર (ઉ.વ.૩૮), મહેબુબ કાસમ સંઘાર (ઉ.વ.૩૫) રહે. બધા શંકરટેકરી વિસ્તારવાળાને રોકડા ૨૮.૨૦૦ અને ૮ મોબાઈલ મળી કુલ ૫૪૭૦૦ના મુદામાલ સાથે પકડી પાડ્યા હતા.

અન્ય દરોડામાં જામનગર સીટી-સીના પીઆઈ ચૌધરીની સુચનાથી સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મયુરનગર ટાવરવાળી ગલીમાં તિનપતીનો જુગાર રમાય છે એવી બાતમીના આધારે દરોડો પાડીને તિનપતીનો જુગાર રમતી મયુરનગરમાં રહેતી સંગીતાબેન જેન્તી બારૈયા, જયાબેન બાબુ સોલંકી, રંજનબેન રાજુ કુડેચા, દિપ્તીબેન ગોપાલ મકવાણા, નીરુબેન ભરત પરમાર અને કાજલબેન શંકર મકવાણા નામની છ મહીલાઓની અટકાયત કરવામાં આવી હતી, દરોડા દરમ્યાન રોકડા ૧૦૩૩૦ અને ગંજીપત્તા કબ્જે કર્યા હતા.

## હજુ જામનગરીઓ શ્રાવણ મહિનાના મૉડમાંથી બહાર નથી આવતાં !

# જામનગરના વૉર્ડ નં.૧૬માં રસ્તા-દબાણો અને પશુઓની જવાબદારી સોંપવામાં આવી

જામનગર શહેરમાં રસ્તે રઝડતા પશુઓ અને રસ્તા પર કરાયેલા ગેરકાયદે દબાણો સામે કોર્પોરેશન અને પોલીસ તંત્ર જાગ્યું છે ત્યારે શનિવારે જીલ્લા કલેકટર બીજલ શાહ, મ્યુ. કમિશ્નર ડી.એન. મોદી, જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ સાથે મંત્રણા થઈ હતી ત્યારબાદ અધિકારીઓને સુચના પણ અપાઈ હતી અને શહેરના ૧૬ વોર્ડમાં પશુઓ, રસ્તા પર દબાણ તેમજ રસ્તાની શું સ્થીતી છે તે જોવા માટે વોર્ડવાઈઝ એક અધિકારીની નિમણુંક કરી દેવામાં આવી છે. જામનગર શહેરમાં આ પ્રશ્નોના નિરાકરણ માટે ડીએમસી ભાવેશ જાની,

અનુ પાના નં.૨ પર

# હોય નહીં ! આશ્ચર્ય સાથે જામનગરમા ઢોર પકડ ઝૂંબેશ શરૂ કરાઈ

### જો જો.. હંસતા નહીં !

જામનગર મહાનગરપાલિકા દ્વારા ઢોર નિયંત્રણ -૨૦૨૩ અંતર્ગત રસ્તે રઝળતા પશુઓને પકડવા માટેની પુનઃ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, અને આ મામલે મહાનગરપાલિકાનું તંત્ર એલર્ટ બન્યું છે.

જામનગરના જિલ્લા કલેકટર બી.એ.શાહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કમિશનર ડી.એન.મોદી જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ સહિતની મુખ્ય અધિકારીઓની ટીમ દ્વારા શહેરમાં રસ્તે રઝળતા ઢોરને પકડવા માટેનો ખાસ એક્શન પ્લાન બનાવી લેવામાં આવ્યો હતો, અને હાલ ૧૫ દિવસ નો પ્રોજેક્ટ તૈયાર કરીને તેને અનુસંધાને ટુકડીઓને શહેરમાં દોડતી કરી દેવામાં આવી છે.

જામનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, નાયબ કમિશનર ભાવેશ જાની, તેમજ કંટ્રોલિંગ અધિકારી મુકેશ વરણવા સાહિત અધિકારીઓના માર્ગદર્શન સોલિડવેસ્ટ શાખાના અધિકારી રાજભા જાડેજા ની રાહબરીમાં ઢોર પકડવા માટેના આઠ કર્મચારીઓની એક ટુકડી, આવી બે ટુકડીઓને દોડતી કરાવવામાં આવી હતી. જેમાં એક ટ્રેક્ટરની ટ્રોલી સાથેનો ડ્રાઈવર જોડાયેલો છે.

ઉપરાંત મહાનગરપાલિકા તરફથી સેનીટરી ઈન્સ્પેક્ટરને દરેક ટીમમાં એક એક એસ આઈ ને પણ પણ ટોપલીમાં દોડતા કરાવાયા છે, અને સવારે ૮.૩૦ વાગ્યાથી બપોરે અઢી વાગ્યા સુધી શહેરના જુદા જુદા બે વિસ્તારોમાં બે અલગ અલગથી ટીમને દૂર કરાવી છે, જયારે બપોર પછી અઢી વાગ્યાથી રાત્રિના દસ પપવાગ્યા સુધી બીજા રાઉન્ડમાં પણ વળવું એ ટુકડીઓને દોડતી કરવામાં આવી છે. જે સમગ્ર પ્રક્રિયા માટે પાંચ પોલીસ કર્મચારીનો બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યો છેઉપર સમગ્ર ઢોર પ્રક્રિયા ની પકડવાની ઝુબેશ દરમિયાન વિડીયોગ્રાફી પણ કરવામાં આવી રહી છે

મહાનગરપાલિકા દ્વારા આ જુંબેશનો પ્રારંભ કરી દેવાયો હતો, અને પ્રથમ દિવસે ૩૪ ગાય બળદસહિતના રસ્તે રરતા ઢોરને પકડી લેવામાં આવ્યા છે અને ડબ્બામાં મોકલી દેવાયા. આ ઉપરાંત જામનગર

અનુ પાના નં.૨ પર

## પોલીસ રક્ષણ સાથે કાર્યવાહીની શરૂઆતઃ ઘાંસચારાના વિક્રેતા પણ ઝપટે ચડ્યાં



તસવીરઃ જીતુ સોલંકી



# નાગનાથ ગેઈટ પાસે પાણીની મુખ્ય લાઈન તૂટી જતાં લિકેજ



તસવીરઃ જીતુ સોલંકી

જામનગરમાં નાગનાથ ગેઈટ ચોકડી પાસે ગઈકાલે રાત્રે મહાનગરપાલિકાની પાણીની મુખ્ય પાઈપલાઈનમાં એકાએક ભંગાણ સર્જાયું હતું, અને લીકિજ થવાથી પાણી વહેવા લાગ્યું હતું. જે અંગેની જાણકારી મળતાં મહાનગરપાલિકાનું તંત્ર દોડતું થયું હતું, અને પાણીનો સપ્લાય બંધ કરાવીને ચાર કલાક ની કવાયત બાદ લીકિજ દૂર કરી લેવાયું છે. જામનગરમાં નાગનાથ કે ચોકડી પાસે જૂની પોલીસ ચોકી વાળી જગ્યા પાસે થી પસાર થતી મહાનગરપાલિકાની પાણીને મુખ્ય પાઈપલાઈન માં વેલ્ડીંગ નો ભાગ છૂટો પડ્યો હોવાના કારણે પાઈપલાઈનમાં તિરાડ પડી હતી, અને પાણી વહેવા

અનુ પાના નં.૨ પર

## જેએમસી દ્વારા ચાર કલાકની સખત મહેનત બાદ લિકેજ દૂર થયું

# જામનગરના હર્ષદમીલની ચાલી વિસ્તાર પાસે પોલીસને બાતમી આપ્યાની શંકા રાખી હુમલો

## મોબાઈલ અને ચાંદીની માળી તોડી નાખતાં પાંચ શખસો સામે ફરિયાદ

જામનગરના હર્ષદમીલની ચાલી રોડ, બાઈની વાડીમાં રહેતા ગોપાલ કિશનભાઈ પરમાર (ઉ.વ.૪૦) નામના યુવાને ગઈકાલે સીટી-એમાં ગૌતમ દિનેશ પરમાર, રાજ કિશોર પરમાર, યુવરાજ પ્રકાશ પરમાર, વિમલ દિપક અને જયરાજ પ્રકાશ પરમાર નામના પાંચ શખ્સો વિરુદધ આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, ૪૨૭, ૩૩૭, જીપીએક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ નોંધાવી હતી.

વિગત અનુસાર ગત તા. ૨૮ના ફરીયાદી બાઈની વાડી વિસ્તારમાં હતા ત્યારે આરોપીઓ આવીને તે જુગારની બાતમી પોલીસમાં આપી પકડાવેલ છે, તેમ કહી ઉશ્કેરાઈ જઈને અપશબ્દો બોલી, ફરીયાદી ગોપાલભાઈને ઢીકાપાટુ, પથ્થર, ધોકો, લોખંડની મુઠ, પાઈપ વડે માર મારી શરીરે ઈજાઓ કરી હતી, તેમજ ફરીયાદીની પત્ની મંજુબેનને એક આરોપીએ ઝાપટો મારી હતી. આ બબાલમાં ફરીયાદીના બે

અનુ પાના નં.૨ પર

## રણજીતનગરમાં શંકાસ્પદ હિલચાલની વિગત પોલીસને અપાતાં ધમકીની ફરિયાદ

શહેરના રણજીતનગર વિસ્તારમાં આવેલ હાઉસીંગ બોર્ડના મકાન જે/૧૧ બ્લોકમાં રહેતા આસામીઓએ થોડા દિવસો પહેલા એક ફલેટમાં શંકાસ્પદ વ્યકિતઓની અવર જવર અંગે પોલીસ કન્ટ્રોલરૂમને જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને એક ફલેટમાંથી યુવક-યુવતીને બહાર કાઢી લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ આ બ્લોકમાં રહેતા વ્યકિતઓને એક શખ્સ પોલીસ કેશ થશે તો સારાવાટ નહીં રહે તેવી ધમકી આપતો હોવાની રજુઆત ફલેટ ધારકોએ જીલ્લા પોલીસવડા તેમજ કલેકટરને કરી છે. ગત મહીનામાં ફલેટધારકોએ એક ફલેટમાં બિનઅધિકૃત પ્રવૃતી થતી હોવાની અરજી સીટી-સી ડીવીઝનમાં ગત તા. ૧૦ના કરી હતી અને આ બ્લોકના સીસી કેમેરામાં પણ કેટલીક

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com